## સંપ્રદાયોનો ભેદ નહીં, સત્પ્રેરણાઓથી પરેજ નહીં

**બિજનૌર (ઉત્તરપ્રદેશ)**

બિજનૌર જેલમાં તા. ૨૧-૨૨ ઓક્ટોમ્બરના દિવસોમાં રાખવામાં આવેલ પાવન પ્રજ્ઞાપુરાણ કથા તથા પાંચકુંડી ગાયત્રી યજ્ઞનું આયોજનની સાથે સર્વધર્મ સદ્ભાવનું સંમેલન યોજાઇ ગયું. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધારે કેદી ભાઇઓએ ભાગ લઇને યુગઋષિના વિચારોનું રસપાન કર્યુ હતું. એમાં લગભગ ૨૦૦ મુસ્લિમ કેદી ભાઇઓ પણ હતા. આ દિવસોમાં હિંદુઓની નવરાત્રિ અને મુસ્લિમ ભાઈઓના રમઝાનનો તહેવાર પણ હતો. એટલા માટે આ કાર્યક્રમ ખુબજ શ્રદ્ધાસ્પદ બની ગયો. અનેક મુસ્લિમ ભાઈઓએ કહ્યું કે આ કાર્યક્રમથી તેમને માનસિક શાંતિ મળી છે. એનાથી તેમને જીવનને નવેસરથી ઘડવાનું શિક્ષણ મળ્યું છે.

કથા પ્રસંગ દરમ્યાન 'યુગ પુરુષને તુમ્હે હે પુકારા.....' 'યહ સબ ધર્મો કા મહામંત્ર....' જેવા પ્રજ્ઞાગીતોનો ખૂબ જ રૂચિપૂર્વક લાગ્યા હતા. લોકોએ આ ગીતોને વારંવાર ગાવાનો આગ્રહ કર્યો હતો. ગાયક બંધુઓએ ગીતોને વારંવાર ગાઇને સંભળાવ્યા હતા. તા. ૨૨ ઓક્ટોમ્બરના દિવસે ગાયત્રી યજ્ઞમાં સૌએ સામૂહિક આહુતિઓ આપી તથા ગુરુદેવના ચિંતન પ્રવાહની સાથે સતત જોડાઇ રહેવા અખંડજ્યોતિ, યુગનિર્માણ યોજના પત્રિકાના સભ્યો પણ બની ગયા હતા.



બિજનૌર જેલના કેદિઓને પ્રજ્ઞાપુરાણ કથા સંભળાવી રહેલ શાંતિકુંજ પ્રતિનિધિ

સ્થાનિય પ્રતિનિધિએ જેલની દરેક કોઠરીમાં એક એક મિશનની પત્રિકા પહોંચાડવાની વ્યવસ્થા બનાવી હતી, પરંતુ કેદી ભાઈઓની તરફથી આ સંકલ્પ ઉત્સાહજનક રહ્યો. જેલ અધિકારી શ્રી રામકુમાર ત્રિપાઠી, શ્રી એલ.એન. દોહરે વગેરેએ આ કાર્યક્રમની પ્રશંસા કરી હતી. શાંતિકુંજ પ્રતિનિધિઓમાં શ્રી સોમદેવ પટૈયા, શિવલાલ સાહુ, ભોલાદાસ યોગીની ટોળી તથા બિજનૌર શાખાના શ્રી અમરેશ રાઠી વગેરેના સહકારથી આ કાર્યક્રમ સફળ બન્યો હતો.

## 'પ્રગતિશીલ સમાજમાં પ્રાણ ફૂંકતી બહેનો'

**રાયપુર (છત્તીસગઢ)**

યુગચેતના વિસ્તારમાં સામેલ પ્રાણવાન પ્રતિભાઓની પોતાની તપોમય સક્રિયતાથી સ્થાનિય વિસ્તારમાં આલોક ફેલાવી રહી છે. આવી સક્રિયતા દેખાડી રહેલ સિલઘટ (સેમરા) તથા સિલીડીહ (ભખારા)ની બહેનોએ પાંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનો કાર્યક્રમ કરાવ્યો હતો. જેમાં પૂરી રીતે સ્થાનિય બહેનોનો જ સફળ પુરુષાર્થ રહ્યો હતો. સ્થાનીય સેંકડો બહેનોએ મળીને ૨૪ કલાકના અખંડ જાપ પણ કર્યા હતા. પાંચકુંડી યજ્ઞની પૂર્ણાહુતિનું સંચાલન શ્રીમતી આદર્શ વર્મા, શ્રીમતી પદમા વર્મા અને શ્રીમતી પૂર્ણિમા બૈસની ટોળીએ કર્યુ હતું. આ રીતે કાર્યક્રમમાં ૨૬ ભાઈ-બહેનોએ દીક્ષા ગ્રહણ કરી પોતાના દોષ દુર્ગુણો ત્યાગવાનો સંકલ્પો લીધા હતા. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે આદર્શ વર્મા શાંતિકુંજમાં દેવકન્યા રહી ચૂકી છે અને ગુરુચેતનાના વિસ્તાર માટે પ્રાણપનથી સક્રિય છે. આ કાર્યક્રમમાં શ્રીમતી દુર્ગેશનંદની સિન્હા, સુશીલા સિન્હા, સતરૂપા સાહુ, રામવતી દેવાંગન, હુલસી સાહુ વગેરેએ પ્રમુખ ભૂમિકા ભજવી હતી.



પાંચ કુંડી ગાયત્રી યજ્ઞનું સંચાલન કરી રહેલ ગ્રામ સિલઘટની બહેનો

### નશાખોરોને બહેનોએ પડકાર આપ્યો

**પટના (બિહાર)**

ગાયત્રી શક્તિપીઠ કંકડબાગ પટના દ્વારા તા. ૩૦ નવેમ્બર ૦૪ ના રોજ વ્યસન મુક્તિ આંદોલનની અંતર્ગત વિશાળ રેલી કાઢવામાં આવી. જેમાં ૨૦૦૦ બહેનોએ ભાગ લીધો હતો. રેલીમાં સૂત્રોચ્ચાર, બેનરોની સાથે ગાયત્રી શક્તિપીઠથી નીકળી એક્ઝીબીશન રોડ, ગાંધી મેદાન, ડાકબંગલા ચાર રસ્તા થઇને સ્ટેશન પર મહાવીર મંદિરે પહોંચી, જ્યાંથી આ રેલીનું સમાપન કરવામાં આવ્યું.




વ્યસનમુક્તિ આંદોલનમાં સક્રિય પટનાની બહેનો

મહિલા મંડળના આ પ્રયત્નો સફળ રહ્યા. તેમને 'અરે રાષ્ટ્ર કો બઢને દો. મત શરાબ કો બનને દો.' 'નશા નાશ કી જડ હૈ ભાઈ, ઈસને હી સબ જગ આગ લગાઈ' જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા. આ કાર્યક્રમને દૂરદર્શન ઈ ટી.વી., વી.ટી.એન. તથા દરેક સમાચાર પત્રોએ છાપ્યા હતા. મહિલા મંડળની સંચાલિકા શ્રીમતી કુમકુમ સિન્હા, શારદાનાથ, નીલમ શ્રીવાસ્તવ, રંજનાસિંહ, રામદુલારી, રામમૂર્તિ રાય, ચિત્રલેખા શર્મા, વીણાસિંહ, જયાદેવી વગેરેએ વિશેષ યોગદાન આપ્યું હતું. સમાપન સમયે ગાયત્રી શક્તિપીઠના વરિષ્ઠ પરિજન શ્રી મહેસર પ્રસાદ તથા શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી રાજભાન-સિંહે ઉદ્બોધન કર્યું હતું.

### ગામડે ગામડે સાઈકલ રેલી દ્વારા વ્યસન મુક્તિ અભિયાન

**દુમકા (ઝારખંડ)**

ગાયત્રી પ્રજ્ઞાપીઠ ગ્રામ મંગલડીહના પરિજન શ્રી મહેશ પ્રસાદ યાદવ તથા મિત્રોએ નવરાત્રિ અનુષ્ઠાન ઉપરાંત પોતાના ક્ષેત્રમાં વ્યસન મુક્તિ સાઈકલ તીર્થયાત્રાનું આયોજન રાખ્યું હતું. જેમાં ૨૩ સાઈકલ તીર્થયાત્રીઓએ ૧૫ ગામોનું ભ્રમણ કરી વ્યસન મુક્તિનું જોરદાર અભિયાન ચલાવ્યું હતું. જગ્યા જગ્યાએ સૂત્રોચ્ચાર, દીવાલલેખન, જન જાગરણ કરવાની સાથે લોકો પાસે વ્યસન મુક્તિના સંકલ્પો પણ કરાવ્યા હતા.

## વિદેશ સમાચાર

**લેસ્ટર (ઈંગ્લેન્ડ)**

લેસ્ટરના મનોવિજ્ઞાની ડૉ.શહિદ અકબર,મહેબુબ સચાની તથા હુસેન એમ.પટેલ શાંતિકુંજ તથા દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના શોધન અભિયાનથી ખૂબ જ પ્રભાવિત છે. તેમનું માનવું છે કે કુરિવાજો તથા અંધશ્રદ્ધાને તોડી માનવ માત્રના હિતમાં ધાર્મિક વિચારોની સ્થાપના કરવી જ સાચું અધ્યાત્મ છે. લેસ્ટરના શ્રી અનુબેન જ્યારે આસો માસની નવરાત્રિમાં અનુષ્ઠાન કરવા શાંતિકુંજ આવી રહ્યા હતા ત્યારે ઉપરોક્ત ત્રણે ભાઈઓએ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય માટે પોતાના તરફથી ફૂલપાંખડી રૂપે દાન આપ્યું.

**મૉરેશિયસના સમાચાર**

**અનાથાલયમાં આત્મીયતા વહેડાવવામાં આવી**

મૉરેશિયસના અનાથાલયમાં તમામ પ્રકારના ભૌતિક સુખ માટે સાધન સગવડતાની કોઈ જ કમી નથી. તેમ છતાં લાગણીઓનો અભાવ તેમને ખટકે છે, જે માનવતાનો મૂળ આધાર છે, જેના અભાવે ત્યાં વસતા લોકો લગભગ દુખી જોવા મળતા હોય છે.

લોગ માઉંટેનમાં આવેલ વેદમાતા ગાયત્રી શક્તિપીઠે સામાજિક કલ્યાણ કેન્દ્રમાં ગાયત્રી યજ્ઞનું આયોજન કરી 'પ્રેયીત રાકે' તથા 'મીનાક્ષીબેન અમીને' અનાથાલયના લોકોને તેમાં ભાગ લેવા રાજી કરી નામ નોંધી લીધા. તેમને યુગઋષિના વિચારોથી અવગત કરાવતા આત્મોત્થા તથા લોકકલ્યાણની સાધના માટે પ્રેરિત કર્યા. ગાયત્રી પરિવારના પ્રતિનિધિએ હિન્દી તથા ક્રિયોલી ભાષામાં સંદેશો આપતા કહ્યું કે સ્વાર્થ દુઃખનું સૌથી મોટું કારણ છે. બીજાઓને ખવડાવી ખાધેલું અન્ન ખૂબ જ રસદાયક તથા હિતકારી હોય છે. આ યજ્ઞમાં મૉરેશિયસના ઉત્તરના પ્રદેશના પ્રધાન તથા ગાયત્રી પરિવારના નિષ્ઠાવાન પરિજન શ્રી સતીશ રામરતનજી હાજર રહ્યા હતા.

**નવરાત્રિ સાધના સમારંભ**

તા-૧૭ ઓકટોમ્બરના દિવસે લોંગ માઈઝેનની શક્તિપીઠ પર દર મહિને રાખવામાં આવતા યજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. નવરાત્રિ સાધનાના દ્રષ્ટિકોણથી આ કાર્યક્રમ ખૂબ જ મહત્ત્વનો બની ગયો હતો. તેમાં દેશના માનનીય મંત્રીશ્રી જોલેસગે ઓગાઈ તથા એક ભારતીય સંત શ્રી અભિરામ દાસજી ઉપસ્થિત રહ્યા હતા. કુમારી અનુપા કુલેનના કહેવા અનુસાર આ યજ્ઞમાં હિન્દી તથા ક્રિયોલી ભાષામાં યુગવિચારો રજૂ કરવામાં આવ્યા. મંત્રીશ્રીને જીવન સાધના સંબંધી વિચારો ખૂબ જ ગમ્યા. તેમણે ગાયત્રી પરિવારની પ્રવૃત્તિઓના વિસ્તાર માટે વચન આપ્યું. એ જ દિવસે દક્ષિણી રાજ્યના રોજ-બેલ મંદિરમાં સંગીત-પ્રવનનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

**બેરુતઃ**-બેરુતની એલચી કચેરીમાં ગાયત્રી પરિવારની વિચાર સરણી તથા વિધિવિધાન સાથે દીવાળીના તહેવારની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી. એલચીના ધર્મપત્ની શ્રીમતી કૃષ્ણાસરકાર સહિત તમામ કર્મચારીઓએ પોતાના કુટુંબીજનો સાથે પૂજનમાં ભાગ લીધો.

### તંત્રી સ્થાનેથી

(પાના નંબર-૨ નું ચાલુ)

**સંગઠન**-યુગઋષિથી પરિચિત-પ્રભાવિત વ્યક્તિઓની કમી નથી. આપણે એમના યોગ્યતા, પ્રશંસાનો લાભ ઉઠાવતા રહીએ છીએ. એ પણ કહેતા રહીએ છીએ કે અમોએ અહીંથી શરૂઆત કરી હતી, આટલા વ્યક્તિઓને મિશનથી જોડ્યા. પરંતુ ગુરુદેવ પૂછે છે કે - તેઓ ક્યાં છે? તેમનો વિકાસ કરી યુગસર્જનની નવી જવાબદારીઓ સંભાળો. તો આપણે હતપ્રદ અથવા દીન બનીને રહી જઈએ છીએ. તેઓ ઈચ્છે છે કે જોડાયેલા વ્યક્તિ સંયુક્ત બની, તેમની વિશેષતાઓ એકરૂપ થઈ યુગદુર્ગાનું રૂપ ધારણ કરે. આપણે એના માટે સંકલ્પબધ્ધ થઈ અને હોંશિયાર બનવું પડશે. તેઓએ સર્જનશીલ સંગઠનની ઘોષણા કરી, પોતે બનાવીને પણ દેખાડી. આપણે પણ તેમના હાથ બનીને એ બધા કાર્યોમાં દક્ષતા પૂર્વક આગળ વધવું જ જોઈએ. પોતાના ગૌરવમય સંબંધોની કસોટી પર સાચા ઠરવું જોઈએ.